

# શરણ
# હ
# સ્ય

દર્શકઃ

પ્રશાન્ત ઘનશ્યામ-જમુના દેસાઈ

રત્ન
૪

# Sharan Rahasya

based on

Navaratnam

of

Pujya Shrï Vallabhāchārya

Written & published by

Prashant Desai

Dipt.me

e-publication

May 11, 2025

મૂલ્યઃ સહયોગ–સેવા

© Prashant Desai

All Rights Reserved.

Without the prior written permission of the publisher,
This book may not be reproduced or sold in any form.

Email: usha.dipt@gmail.com / Visit at: www.dipt.me

हरिॐ नमो भगवते श्रीकृष्णाय वासुदेवाय

श्रीवल्लभाचार्यविरचितम्

# ॥ नवरत्नम् ॥

આધારિત

શ્રીવલ્લભ સાહિત્યમાળા : રત્ન – ૪

# શરણારહસ્ય

## શ્લોક પદચ્છેદ અન્વય
## ભાષાંતર તાત્પર્ય

દર્શક : પ્રશાંત ઘનશ્યામ–જમુના દેસાઈ

આપણે રત્ન-૩માં નિવેદનભાવનું મહત્ત્વ જોયું. આચાર્યશ્રીના કહેવા પ્રમાણે, ક્યારેક તો આત્મનિવેદન કરવાનું છે ને! તો અત્યારથી જ નિવેદનનો પ્રયત્ન કર! પ્રથમ થોડો સમય, સત્તા કે સંપત્તિનું નિવેદન કર, પછી કર્મ નિવેદન પર આવ! તે પછી મન-બુદ્ધિનું નિવેદન થશે! પછી સંસાર નિવેદન પર અવાશે; આ બધું યોગ્ય થશે, ભગવાનને ગમશે ત્યારે આત્મનિવેદનનો વારો આવશે! અને તે આવશે જ! પણ એકદમ.. અચાનક તો નહીં જ આવે ને? તેથી તેને માટે સાથે સાથે ભક્તિનાં સોપાન.. પગથિયાં પણ ચઢવાં પડશે! શ્રવણં કીર્તનં વિષ્ણો... તેના માટે પ્રથમ સમય આપવો પડે, મહાપુરુષોને સાંભળવા પડે, કેટલાંય પ્રયત્નો કરવા પડે; બધુંય જાતે કરવું પડે! જીવન પરિશુદ્ધ કરવાનું, સંબંધો-વ્યવહારોમાં દક્ષતા રાખવાની, અર્થશુચિતા જાળવવાની.. ભગવાન પાસે જવું કંઈ સહેલું થોડું છે?

તો, ભગવાને કહેલી દોષનિવૃત્તિની પ્રવૃત્તિ અને આચાર્યનો નિવેદનનો ભાવ, યથાવત ગ્રહણ કરીને જીવન સફળ કરીએ. આ સૌનો આધાર મન છે, મનને પસંદ પડે તો જીવન પાટે ચઢે! તેથી મનને નિત્ય ભગવાનનું અખિલં મધુરં બતાવવું જોઈએ! ક્યારેક તો માની જશે! આ તો ઘરનાં લાડકા દિકરા જેવું છે! એ રાજકુંવરને ચાલતું, ગમતું, ભાવતું જ બધું કરવું પડે! અને પછી એ કંઈક ઊંધુ-ચત્તું કરે તો પરિણામ પણ ભોગવવું પડે! મનનું તેવું જ છે. જેમ પેલાને સંસ્કાર આપવા આવશ્યક છે તેમ, મનને નાનપણથી તૈયાર કરવું આવશ્યક છે.

નાનપણથી જ મન ઈશ્વર તરફ ઢળે તેનો પ્રયત્ન થવો જોઈએ. બાળકોનું મન પ્રભુ તરફ વળે એનું પૂર્ણ ધ્યાન વડીલોએ રાખવાનું છે. તેમાં આપણું વડીલોનું વર્તન મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેમકે આપણી મૂર્તિપૂજા!

માત્ર ઘર ઘરની રમત જેવી આપણી અર્ચાપૂજા ચાલે છે, સમય જતાં તે યાંત્રિક થાય છે; આમાં વિકાસ ક્યાં થાય? તેથી અર્ચના અંદરથી થાય, મનથી.. માનસી થવી જોઈએ; પૂજા માનસી થયા પછી બાહ્ય અર્ચા રાખો કે ન રાખો, માન્ય છે. મૂર્તિ રાખો છો કે છવી રાખો છો, તેમાં કોઈ અંતર.. ફરક પડતો નથી!

અર્ચા રાખવી એટલે આવશ્યક થાય છે કારણ કે, બાળકો આપણું અનુકરણ કરે છે.. આપણે શું કરીએ છીએ તેનું બાળકો ધ્યાન રાખે છે! તેમનાં મનમાં સંસ્કાર પડે તે માટે મૂર્તિ કે છવી રાખવાની છે. આપણે મૂર્તિ વિના, માત્ર ધ્યાન

ધરીને માનસીપૂજા કરતા હોઈએ તો, આપણાં મનમાં શું ચાલે છે તેની બાળકોને શું સમજ પડે? બાળકો માત્ર બાહ્ય વ્યવહાર દેખે છે, તેથી માનસીપૂજાની સાથે અર્ચાપૂજા આવી હશે, પણ કાળક્રમે યાંત્રિક મૂર્તિપૂજા રહી ગઈ અને માનસીપૂજા જ ચાલી ગઈ! બહારથી અર્ચાપૂજા ચાલે છે અને મન અંદર ક્યાંય ભટકે છે! ભટકતું મન વ્યવસ્થિત રીતે બાહ્ય પૂજા કે માનસીપૂજા કરી શકેજ નહીં! આજના બાળકો આ પણ નોંધે છે!

આત્મનિવેદન તો નામ છે, વાસ્તવમાં તો બધું મનથી જ થવાનું છે! કહ્યું છે ને કે મન જ કારણ છે, બંધન કે મુક્તિનું! તેથી મન ઈશ્વરશરણ લે તો બધું કામનું!

નવરત્નમ્! મને આ ગ્રંથ સિદ્ધાંત રહસ્યનો જ ભાગ લાગે છે! પહેલો શ્લોક જ નિવેદનનું અનુસંધાન છે. આ ગ્રંથમાં પ્રારંભિક વિધિ નથી કે નથી વિષયનું પ્રતિપાદન! જાણે કે અડધેથી વાતનો આરંભ થયેલો દેખાય છે. જે હોય તે, નિવેદનભાવના અનુસંધાનમાં જ સમજીશું તો આ ગ્રંથ યથોચિત સમજાશે.

અત્રે થોડુંક શરણ વિશે વિચારીએ. શરણ્ય.. શરણ આપનાર, શરણાગતને જે આપે તે શરણ છે. જેમકે આશ્રય, મદદ કે રક્ષણ! એક માંગે છે અને બીજો આપે છે, તેવી શરણની આપણી ધારણા છે. ભગવાન પાસે આ જ અપેક્ષા છે! પરંતુ વાસ્તવમાં ભગવાન કે કોઈ વ્યક્તિ જ શરણ્ય હોય છે એવું નથી; મોટાભાગે ભૌતિકતા જ શરણ્ય હોય છે. જેમકે ઘર.. નિવાસસ્થાન, એ એક શરણ છે.. આશ્રય છે; પણ તે આપણી ભાષામાં નથી કે હું ઘરને શરણે છું! તે શબ્દાતીત શરણ છે! તેમ આપણે મંદિરે જઈને કહીએ શું? 'ભગવાન! તમારે શરણે છું, મને એક કાર જોઈએ છે!' અહીં શરણ્ય કોણ છે? ભગવાન કે ગાડી? આ થયું બોલવું કંઈક ને કરવું કંઈક. બોલીએ ભગવાનનું શરણ્ય, માંગીએ શરણ્ય કારનું!

આપણને કોઈ મહાપુરુષ કહે કે, આ એક સ્વયંભૂ ભગવાનની મૂર્તિ છે અને આ એક મિલિયન ડોલર છે, તમે ગમે તે એક લઈ લો. શું લેશો? અહીં પ્રશ્ન પસંદગીનો નથી, શરણાગતીનો છે! આપણે કોનું શરણ લીધું? પછી ડોલર લઈને આપણે ગમે તેટલા તર્ક ચલાવીએ કે આનાથી ભગવાનની સો મૂર્તિઓ મળી જાય, ભગવાનના કેટલાય કામ થાય, કેટલાં દાન–પૂણ્ય કરાય વગેરે... આ બધી વાતો વાહીયાત છે; સત્ય એ છે કે આપણે ભગવાનનું શરણ નહીં, ભૌતિકતાનું શરણ સ્વીકાર્યું. શરણ્ય ડોલર હતાં પણ તેને ભાષામાં લેતા નથી. કહેવાનું તાત્પર્ય, બોલવામાં અને આચરણમાં શરણ એક જ.. અદ્વિતીય હોવું જોઈએ. હરે કૃષ્ણ!

१ चिन्ता काप्यकार्यात्मभिर् निवेदिताः कदापीति।
भगवानपि पुष्टिस्थो न कुर्याल्लौकिके गतिम्॥

| चिन्ता | का | अपि | अकार्या | आत्मभिः | निवेदिताः | कदा | अपि | इति |
|---|---|---|---|---|---|---|---|---|
| ચિંતા | કોઈ | પણ | ન કરવી | મનથી | સમર્પિતોએ | ક્યારેય | પણ | આમ |

| भगवान् | अपि | पुष्टिस्थः | न | कुर्यात् | लौकिके | गतिम् |
|---|---|---|---|---|---|---|
| ભગવાન | પણ | પુષ્ટિમાં રહેલાની | નહીં | કરી શકે | લૌકિકી | ગતિ |

आत्मभिः निवेदिताः कदा-अपि का-अपि चिन्ता अकार्या इति।
भगवान् अपि पुष्टिस्थः लौकिके गतिम् न कुर्यात्॥

આત્મા વડે નિવેદન.. સમર્પણ કરવાવાળાએ, ક્યારેય પણ કોઈ પણ ચિંતા (કરવી) અકાર્ય છે.. અયોગ્ય છે એમ (સિદ્ધ છે.) ભગવાન પણ પુષ્ટિસ્થને.. જ્ઞાનીભક્તને લૌકિક.. પ્રાકૃતોની ગતિ નથી કરતા.. ન (જ) કરે.

તાત્પર્ય : અન્ય નિવેદનો કરતાં કરતાં એક સમય આત્મનિવેદનનો પણ આવશે; ત્યારે કોઈ ચિંતા, શોક કે ભય રાખવો અનુચિત છે.. અયોગ્ય છે. નિવેદનકારોએ સર્વ ચિંતાઓ છોડીને પૂર્ણપણે પ્રભુકાર્યમાં ધ્યાન રાખવાનું છે. આપણે ધ્યાન એટલે રાખવાનું કે હજુ ભગવાને આપણું આત્મનિવેદન સ્વીકાર્યું નથી. એ સ્થિતિને હજુ વાર છે. તેથી નિવેદનના અભ્યાસની સાથે સાથે, ચિંતાઓ કે કોઈ પણ પ્રકારની હાય હાય છોડવાનો પ્રયાસ પણ આપણે કરવો પડશે.

મહાપુરુષોનું ધ્યાન માત્ર ભગવાનમાં છે, તેમનું ચિત્ત ભગવદ્રૂપ થઈ ગયું છે અને તેથી તેમને કોઈ ચિંતા નથી, મોહ નથી, અપેક્ષા કે આકાંક્ષા નથી. તેમને કોઈ કર્મો નથી, કોઈ ઋણ કે બંધન નથી. ભગવાન તેઓને આ સૃષ્ટિમાં, માત્ર આપણા ઉપર ઉપકાર કરવા જ રાખે છે! જેથી તેમના સાન્નિધ્યમાં બીજા અનેક ભક્તો તૈયાર થાય! કેટલાંય સાધકોને પ્રેરણા મળે અને પાપીઓનો ઉદ્ધાર થાય!

અહીં આચાર્યશ્રી આશ્વાસન આપે છે કે આવાં સાધક ભક્તોની, ભગવાન ક્યારેય લૌકિક ગતિ નથી કરતા! સાધક ભક્તની ભૂલ થાય તો પણ દુર્ગતિ નથી આપતાં. તેને દંડ અવશ્ય મળશે પણ વિકાસ નહીં અટકાવે! તેની ભક્તિમાર્ગમાં પ્રગતિ થશે જ. તેથી આવા મહાપુરુષોના સાન્નિધ્યમાં રહીએ અને પુષ્ટિ મેળવીએ. હવે સાધકોને એક વિશેષ સૂચન કરે છે.

२ निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः।
सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति॥

| निवेदनम् | तु | स्मर्तव्यम् | सर्वथा | तादृशैः | जनैः |
|---|---|---|---|---|---|
| નિવેદનને | પરંતુ | સ્મરણ યોગ્ય | સર્વ રીતે | ભગવદીયોનાં | મનુષ્યોનાં |

| सर्वेश्वरः | च | सर्वात्मा | निज-इच्छातः | करिष्यति |
|---|---|---|---|---|
| સર્વના ઈશ્વર | અને | સર્વના આત્મા | નિજ.. પોતાની ઇચ્છાથી | કરી શકે છે |

तु सर्वथा तादृशैः जनैः निवेदनम् स्मर्तव्यम्। सर्वेश्वरः च सर्वात्मा निज-इच्छातः करिष्यति॥

પરંતુ સર્વ રીતે, તાદ્દશ (તેના.. ઈશ્વર જેવાં) ભગવદ્‌રૂપ લોકોનાં નિવેદન.. સમર્પણ યાદ રાખવા યોગ્ય છે.. સ્મરણ કરતા રહેવું યોગ્ય છે. સર્વલોકનાં.. સર્વ દેવોનાં ઈશ્વર અને સૌનાં આત્મરૂપ.. અંતર્યામી.. શ્રીકૃષ્ણ, નિજ ઇચ્છા પ્રમાણે.. તેમનું ધાર્યું કરશે. (જેમાં સૌનું કલ્યાણ જ હશે.)

તાત્પર્ય : મહાપુરુષોને, આચાર્યોને કે ઋષીઓને નિત્ય દૃષ્ટિ સમક્ષ રાખવાનાં, કારણ! તેમના જેવો ભાવ આપણા જીવનમાં આવે. મહાપુરુષોને નિવેદનભાવ નિત્ય સ્મરણરૂપ છે! એ ભાવ ભૂલવો હોય તો પણ તેઓ ભૂલી શકે નહીં! તેઓ તન્મય થઈ ગયાં છે, તેથી ભગવાને તેમને સ્વીકારી લીધાં છે. આચાર્યશ્રી કહે છે કે સાધકે કોઈપણ રીતે નિવેદનનું નિત્ય સ્મરણ રાખવું પડશે.

સ્મૃતિમાં નિત્ય ક્યારે ને કેવી રીતે રહે? કોઈ તો યુક્તિ હશે કે નિવેદનભાવ હમેંશા યાદ રહે! મારું સર્વસ્વ મેં પ્રભુને સોંપેલું છે તેનું નિરંતર ધ્યાન કેવી રીતે રાખી શકાય? તેની યુક્તિ આચાર્યશ્રીએ દર્શાવી છે, પણ તેને અંતમાં જોઈશું!

અત્યારે નિવેદન સાથે, એવો શરણભાવ રાખવાનો છે કે હવે બધું ભગવાન જ જોશે અને કરશે! આવો દૃઢ વિશ્વાસ ધરવો પડશે. ભગવાન મને અપનાવશે જ! એવી અતુટ શ્રદ્ધા રાખવી પડશે. આચાર્યશ્રી કહે છે, પ્રભુ તેમની ઇચ્છાથી બધું યોગ્ય જ કરે છે! અને આપણને પણ આપણાં પોટલાંની ક્યાં ખબર છે? ભગવાન જાણે છે અને એ જ બધું બરાબર પતાવશે! મહાપ્રભુની તો અનુભૂતિ છે કે હરિ યોગ્ય સમયે સુયોગ્ય જ કરે છે! આપણે માત્ર ભરોસો રાખવાનો છે... જે કરે હરિ કરે, હરિ રક્ષે મમ હિત! શરણ મારું નિવેદન, મારે જોવી એની પ્રીત!

३ सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येकमिति स्थितिः।
अतोन्यविनियोगेऽपि चिन्ता का स्वस्य सोऽपि चेत्॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| सर्वेषाम् | प्रभुसम्बन्धः | न | प्रति-एकम् | इति | स्थितिः |
| બધાયનો | પ્રભુ સાથે સંબંધ | નહીં | કોઈ એક સાથે | એમ | વસ્તુસ્થિતિ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| अतः | अन्यविनियोगे | अपि | चिन्ता का | स्वस्य | सः | अपि | चेत् |
| તેથી | બીજાની વિભક્તિમાં | પણ | ચિંતા શું કામ | પોતાનો | તે | પણ | જો |

(ईश्वरः कदापि) न प्रति-एकम्, सर्वेषाम् प्रभुसम्बन्धः, इति स्थितिः।
अतः अन्यविनियोगे अपि का चिन्ता? चेत् सः अपि स्वस्य!

(ઈશ્વર ક્યારેય) કોઈ એકનાં નથી હોતા, સૌનાં છે. દરેકનો.. સૌનો પ્રભુ સાથે સંબંધ છે.. વ્યવહાર છે (જ), આ સ્થિતિ છે.. વાસ્તવિકતા છે. તેથી બીજાનાં વિનિયોગમાં.. અન્યની વિભક્તિમાં પણ, ચિંતા શું કરવાની? જો તે પણ મારો જ છે! (પારકો નથી કારણ ભગવાનનો છે; અને ભગવાન સૌનું ધ્યાન રાખે છે તેથી ચિંતાને કોઈ સ્થાન નથી! બીજાની ચિંતા કરવી જ ન જોઈએ.)

તાત્પર્ય : આ વલ્લભાચાર્ય છે! બધી બાજુ ધ્યાન છે! કેમ કે તેઓ પણ આ સ્થિતિમાંથી પસાર થયા હશે, તેથી આપણને કહે છે કે બીજાની ચિંતા પણ રહેવા દો! ન કરો. પ્રભુ તો સૌનાં છે, પ્રત્યેક સાથે એમને સંબંધ છે. ચિંતા એ કરે!

ભક્ત હોય કે સાધક ભક્ત હોય, સહિષ્ણુ તો રહેવાનો જ! ભક્ત પોતાની ચિંતા ન કરે પણ સ્વભાવ પ્રમાણે બીજાની ચિંતા કરશે જ કરશે! આચાર્યશ્રી જાણેને! તે કોઈ દુઃખી દરિદ્રની ચિંતા કરશે, તો કોઈ ધનાઢ્યની કે આસુરી જીવની ચિંતા કરશે કે પ્રભુથી વિમુખ કેમ છે? અને આવી ચિંતા તેની સાધનામાં વિક્ષેપ કરશે.

તેથી આચાર્યશ્રી કહે છે, શું ભગવાનનું અન્ય જીવો તરફ ધ્યાન નથી? પ્રભુજી બધાનું બરોબર ધ્યાન રાખે છે પણ, સૌને કંઈપણ કરવાની સ્વતંત્રતા આપી હોવાથી, તેની બાબતોમાં હસ્તક્ષેપ કરશે નહીં. માત્ર જોયા કરશે! તેથી કોઈની ચિંતા કર્યા વિના, સૌને આત્મીયભાવથી.. પોતાનાં સમજીને, તેમને પ્રભુના વિચારો આપવા, ભક્તિ સમજાવવી. તેઓ માને તો ઠીક નહીં તો હરિ હરિ! ભગવાનને સોંપીને આગળ વધ, ચિંતાનું કોઈ કારણ નથી! આ આચાર્યશ્રીનો મત છે.

४ अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम्।
यैः कृष्णसात्कृतप्राणैस् तेषां का परिदेवना॥

| अज्ञानात् | अथवा | ज्ञानात् | कृतम् | आत्मनिवेदनम् |
|---|---|---|---|---|
| અજ્ઞાનપૂર્વક | કે | જ્ઞાનપૂર્વક | કરવું | આત્મ સમર્પણ |

| यैः | कृष्णसात् | कृतप्राणैः | तेषाम् | का | परिदेवना |
|---|---|---|---|---|---|
| જેઓ | કૃષ્ણ આધીન | પૂર્ણપ્રાણથી | તેમને | શું | ચિંતા.. શોક |

अज्ञानात् अथवा ज्ञानात् आत्मनिवेदनम् कृतम्। यैः कृतप्राणैः कृष्णसात्, तेषाम् का परिदेवना?

અજ્ઞાનપૂર્વક (પ્રાકૃતિક કે મર્યાદામાર્ગે પણ) અથવા જ્ઞાનપૂર્વક (પુષ્ટિસ્થિતિમાં) આત્મસમર્પણ.. સર્વસ્વ ન્યોછાવર કરવું. જેઓ (બધી રીતે) શ્રીકૃષ્ણને આધીન છે.. આશ્રિત છે, જેમણે સંપૂર્ણ પ્રાણ (પણ) ન્યોછાવર કર્યાં છે.. જેઓને શ્રીકૃષ્ણ જ પ્રાણપ્રીય છે તેઓને, ચિંતા શું.. શોક કેવો?

તાત્પર્ય ઃ જ્ઞાનનાં ત્રણ પડાવ; એક અજ્ઞાન.. કોઈ જાણકારી ન હોવી, અજાણ્યો! બીજું જ્ઞાન.. સૈદ્ધાંતિક જ્ઞાન કે માહિતીજ્ઞાન હોવું, શીક્ષિત! અને અંતે, વિજ્ઞાન.. અનુભૂત જ્ઞાન, જ્ઞાનપૂર્ણ.. સિદ્ધ! આચાર્યશ્રી કહે છે, બ્રહ્મજ્ઞાન હોય કે ન હોય, કોઈપણ સ્થિતિમાં નિવેદન કરી શકો છો. નિવેદનો કરતાં કરતાં આત્મનિવેદન સુધી પહોંચી શકો છો! કોઈ બાધા નથી, કોઈ નિષેધ નથી.

હવે એક મધુર વાત કરે છે! કહે છે કે ભક્તિ કરતાં કરતાં જેમણે શ્રીકૃષ્ણને આત્મસાત્ કર્યાં છે, ભગવાને પણ તે રીતે જ, તેઓને કૃષ્ણસાત્ કર્યાં છે! ધન્ય છે તેઓ! આચાર્યશ્રી કહે છે, જે લોકોએ પોતાના પ્રાણ પણ પૂર્ણરૂપે ધરી દીધાં! હવે તેમનાં જીવનમાં પ્રાણ કોણ પૂરે? સ્વયં ભગવાન જ! 'પ્રાણપ્રીય મુને વૈષ્ણવ વ્હાલા!'_નરસિંહ. ત્યાં અજ્ઞાની પણ પૂર્ણજ્ઞાની થઈ જાય! ભગવાન જ ભર્તા!

હવે તેઓને શોક શું ને મોહ શું! ચિંતા શું ને ચિંતન શું! કોઈ ચિંતા કરવી હોય તોયે ના કરી શકે, એ સ્થિતિપર આવી ગયાં, કૃષ્ણસાત્ થઈ ગયાં. તેથી મહાપ્રભુજી કહે છે, શ્રીકૃષ્ણના વિચારોને.. શ્રીકૃષ્ણને આત્મસાત્ કરી લો, તમે પણ કૃષ્ણસાત્ થઈ જશો! જીવન કૃત્કૃત્ય.. સફળ થઈ જશે. તમે બ્રહ્મજ્ઞાની હો તો પણ, શ્રીકૃષ્ણને પામવાનો આ એકમાત્ર માર્ગ છે, ભક્તિપૂર્ણ આત્મનિવેદન!

५ तथा निवेदने चिन्ता त्याज्या श्रीपुरुषोत्तमे।
विनियोगेऽपि सा त्याज्या समर्थो हि हरिः स्वतः॥

| तथा | निवेदने | चिन्ता | त्याज्या | श्रीपुरुषोत्तमे |
|---|---|---|---|---|
| તેમજ | સમર્પણમાં | ચિંતા (પણ) | છોડી દેવી | શ્રીકૃષ્ણના ચરણોમાં |

| विनियोगे | अपि | सा | त्याज्या | समर्थः | हि | हरिः | स्वतः |
|---|---|---|---|---|---|---|---|
| વિનિયોગમાં | પણ | તે | ત્યજવી | સમર્થ | કેમ કે | શ્રીકૃષ્ણ | આપમેળે |

तथा पुरुषोत्तमे निवेदने चिन्ता त्याज्या। विनियोगे अपि सा त्याज्या, हि हरिः स्वतः समर्थः॥

તેમજ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને સમર્પિત થવામાં, શ્રીકૃષ્ણને જ (સર્વ) ચિંતાઓ સોંપી દેવી.. આપી દેવી. (અંતિમ) વિનિયોગમાં પણ તે ચિંતા છોડવી. કેમ કે શ્રીહરિ.. શ્રીકૃષ્ણ સ્વતઃ સમર્થ છે.. સ્વયં કંઈપણ કરવા સર્વશક્તિમાન છે.

તાત્પર્ય : કૃષ્ણસાત્ થયા પછી તો કોઈ ચિંતા રહેશે જ નહીં, છતાં જો શેષ ચિંતા હોય તે પણ ઉત્તમપુરુષને સોંપી દેવી.. આપીને છૂટા થવું! ટૂંકમાં કોઈ ચિંતા કરવી નહીં. અહીં એક પૂર્ણસ્થિતિની સમસ્યા સમજવા જેવી છે..

ભક્ત પ્રગતિ કરતાં કરતાં આત્મનિવેદનની સ્થિતિ સુધી પહોંચી ગયો છે. હવે સાંસારિક કોઈ ચિંતાઓ નથી, કોઈ વ્યથાઓ નથી; પરંતુ આત્મનિવેદનની વેળાએ પણ એક સૂક્ષ્મ અંતિમ ચિંતા રહી જાય છે, તે છે મિલનની ચિંતા! ભગવાન મને અપનાવશે કે નહીં! મારી કોઈ ભૂલ તો નથી થઈ ને? મેં બરાબર બધું સોંપ્યું છે ને! આ છેલ્લી ચિંતા બહુ ભારે છે, તેથી આચાર્યજી કહે છે, તે પણ સોંપી દે!

વિનિયોગમાં પણ ચિંતા પ્રભુને આપી દે! અહીં અંતિમ વિનિયોગની વાત છે. સર્વસ્વ સોંપ્યા પછી છેલ્લે શું રહે? ઉત્તર છે, મારો "હું"! તે પણ તમને સોંપું છું! પરંતુ તે 'હું' વિના હવે જીવાશે કેવી રીતે? વ્યવહારો કેમના થશે? એવી ચિંતા પણ પ્રભુને ધરી દેવી. કારણ એનો રસ્તો હવે ભગવાને કરવાનો છે, ભક્તે નહીં!

જો ભગવાને તારો 'હું' સ્વીકારી લીધો તો તો કૃષ્ણસાત્ થઈ ગયો! અને ન સ્વીકાર્યો, સંસારમાં રાખી મુક્યો તો પણ, તે જ ધ્યાન રાખશે! ચિંતાને અવકાશ જ નથી. ભગવાન સ્વયં સર્વસમર્થ છે. કર્તુમકર્તુમન્યથા કર્તું હરિઃ। ભગવાન ભક્તને સંસારમાં રાખે તેનું કોઈ કારણ હશે જ! આપણને ખબર ન પડે!

६ लोके स्वास्थ्ये तथा वेदे हरिस्तु न करिष्यति।
पुष्टिमार्गस्थितो यस्मात् साक्षिणो भवताखिलाः॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| लोके | स्वास्थ्ये | तथा | वेदे | हरिः | तु | न | करिष्यति |
| સંસારમાં | સ્વાસ્થ્યમાં | તથા | વિચારોમાં | શ્રીહરિ | પરંતુ | નહીં | કરી શકશે |

| | | | | |
|---|---|---|---|---|
| पुष्टिमार्गस्थितः | यस्मात् | साक्षिणः | भवताः | अखिलाः |
| પુષ્ટિમાર્ગમાં રહેલાએ | જેથી | સાક્ષિરૂપ | ઘટનાઓ | બધીય.. સમસ્ત |

तु हरिः लोके, स्वास्थ्ये तथा वेदे.. विचारे (किञ्चित्) न करिष्यति।
यस्मात् पुष्टिमार्गस्थितः.. ज्ञानीभक्तः, अखिलाः भवताः साक्षिणः॥

પરંતુ શ્રીહરિ, લોકમાં.. સાંસારિક બાબતોનાં સ્વાસ્થ્યમાં.. સ્વસ્થ થવામાં તથા વેદમાં.. વિચારોમાં કે વિદ્યા-જ્ઞાનની વાતોમાં (કંઈપણ) કરશે નહીં.. કરી શકે નહીં. જે કારણે પુષ્ટિમાર્ગમાં રહેલાએ.. જ્ઞાનીભક્તે, સમસ્ત ઘટનાઓ.. પ્રત્યેક વ્યવહારોમાં સાક્ષીરૂપે (જ રહેવું,) જોયા કરવું.

તાત્પર્ય : ભૌતિકતામાં.. સાંસારિક વાતોમાં પ્રભુ કાંઈ કરતા નથી, કાંઈ કરશે નહીં, કારણ તે માટે જીવનાં કર્મો અને સ્વભાવ જ આધાર છે. તેથી જે થાય છે.. જે મળે છે કે જાય છે, તેમને હરિ સ્મરણ કરતાં કરતાં જોવાં, પસાર કરવાં. આ ભગવદાશ્રયની ભાવના જ્ઞાનીભક્તને જ સ્થિર રહે છે, તે પુષ્ટિય છે!

હરિઃ સ્વતઃ સમર્થઃ। ભગવાન માટે શું અશક્ય છે? તે ધારે તો કોઈને પણ સિદ્ધિ આપી દે, વિશ્વમાં જયજયકાર કરાવી દે! આચાર્યશ્રી કહે છે, ભગવાન એવું કરશે નહીં! અત્યંત રસપ્રદ વાત કરે છે કે, અંતિમપદ સુધી આવેલા ભક્તને પણ થોડો અપૂર્ણ રાખશે, કેમ? તેનો ઉત્તર કંઈક આવો છે...

કોઈ શેઠ.. જમીનદાર.. ઠાકોર, સ્વયં કોઈ પરિચિતને તેની હવેલીમાં બોલાવે; તે વ્યક્તિ આવે, શેઠ જાતે જ દ્વાર ખોલે! અભિવાદન કરે પણ અંદર પ્રવેશ ન આપતાં, એમ કહે કે ચાલો થોડું બહાર ફરીએ. એ જાતે જ તેનો ઉદ્યાન બતાવે, તેની હવેલીની બાહ્ય ભવ્યતા બતાવે અને પછી કહે ચાલો અંદર બેસીએ; ત્યારે પેલો પરિચિત અવાક થઈ જાય! કેટલો પ્રભાવિત થાય કે શેઠે બધું જાતે બતાવ્યું!

તેવું જ હરિ તેમના ભક્તની સાથે કરે છે! ભક્તે હરિનો બાહ્ય વૈભવ જોયો જ ક્યાં છે? દદામિ બુદ્ધિયોગં તં... એ પછી જ સૃષ્ટિનું સાચું સૌંદર્ય માણી શકે!

७ सेवाकृतिर्गुरोराज्ञा बन्धनं वा हरीच्छया।
अतः सेवापरं चित्तं विधाय स्थीयतां सुखम्॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| सेवाकृतिः | गुरोः | आज्ञा | बन्धनम् | वा | हरि-इच्छया |
| સેવા કર્મ | ગુરુની | આજ્ઞા | ઋણાનુબંધે | કે | હરિની ઇચ્છાથી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| अतः | सेवापरम् | चित्तम् | विधाय | स्थीयताम् | सुखम् |
| તેથી | સેવાપરાયણ | ચિત્ત.. મન | ધારણ કરીને | સ્થિત રહેવું | સુખપૂર્વક |

सेवाकृतिः, गुरोः आज्ञा, (ऋणस्य) बन्धनम् वा हरीच्छया। अतः चित्तम् सेवापरम् विधाय, सुखम् स्थीयताम्॥

(કોઈ પણ નિયત) સેવાનું કાર્ય.. (મા-બાપની કે સંતાનોની કે સામાજિક સેવાઓ નિભાવવી), ગુરુની આજ્ઞાથી (થતાં વિવિધ કાર્યો કે ઋણનાં) બંધને.. ભાગ્યવશાત્ મળેલાં કાર્યો અથવા હરિની જ ઇચ્છા હોય તેવાં કાર્યો (હોય જ છે.) તેથી (પ્રભુ) સેવામાં ચિત્ત પરાયણ રાખવું.. ચિત્ત હરિને ધરવું (અને) સુખપૂર્વક.. શાંતિથી સ્થિત રહેવું. (મળેલું કાર્ય હરિશરણે કરતાં રહેવું.)

તાત્પર્ય : શેષ જીવનમાં હવે તો હરિ જ ગુરુ! અને ગુરુની આજ્ઞા પ્રમાણે રહેવાનું. તે સાંસારિક બંધનોમાં બાંધે કે ન બાંધે, તેની ઇચ્છા! હવે "સંસાર સુસરસો રહે, મન મોરી પાસ!" શાંતિપૂર્વક, પ્રભુસેવા કરતાં કરતાં શેષ જીવન પૂર્ણ થશે.

આ સમયમાં તે મહાન ભક્ત, ભગવાનનો અસીમ પ્રેમ અનુભવે! ભગવાનના પ્રેમનો મહાસાગર દેખાય! ભગવાન તેને જ્ઞાનની ટોચે લઈ જાય અને કહે જો હવે મારા વિશ્વને! ભક્તને તો વિશ્વરૂપ જ દેખાય! તે જીવનની કૃતકૃત્યતા અનુભવે. ભગવાન તેને ગુણાતીત કરીને, તેમના ગુણોનો વૈભવ બતાવે! ગુણોનું મેઘધનુષ દેખાય! ભાવવિભોર થઈ જાય, અંતે રાસલીલા થાય! આ દ્વૈતની પૂર્ણાહૂતિ છે, તેનું વર્ણન અશક્ય છે. આચાર્યો ન વર્ણવી શકે ત્યાં આપણું શું ગજું!

બીજું, ભગવાન દ્વૈતભાવ શા માટે રાખે? આટલો પ્રેમ અને જ્ઞાન સંપાદન કર્યાં પછી, આમ જ અદ્વૈતમાં આવી જાય તે કેમ ચાલે? વિશ્વને કે બીજા લોકોને શું લાભ મળે? તેથી આ સૃષ્ટિમાં રાખે. કેટલાંય સાધકોને, નવા ભક્તોને માર્ગદર્શન મળે. કેટલાંય દુષ્ટોનાં જીવન પરિવર્તન થાય, ભગવાન તરફ વળે. ભગવાનને લાગે કે ભક્ત દ્વારા વિશ્વમાં સાત્ત્વિક પરિવર્તન થવું જોઈએ! પુષ્ટિ મળવી જોઈએ.

८ चित्तोद्वेगं विधायापि हरिर्यद्यत्करिष्यति।
तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत्॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| चित्त-उद्वेगम् | विधाय | अपि | हरिः | यत् | यत् | करिष्यति |
| ચિત્તમાં ઉદ્વેગ | ધારણ થાય | પણ | શ્રીકૃષ્ણ | જે | જે | કરી શકે છે |
| तथा | एव | तस्य | लीला | इति | मत्वा | चिन्ताम् | द्रुतम् | त्यजेत् |
| તેમ | જ | તેમની | લીલા | એમ | માનીને | ચિંતાઓ | શીઘ્ર | ત્યાગવી |

(क्वचित्) चित्त उद्वेगम् विधाय (तत्) अपि, यत् यत् (स्थितिः) हरिः करिष्यति तथा तस्य एव लीला इति मत्वा, चिन्ताम् द्रुतम् त्यजेत्॥

(ક્યારેક) ચિત્ત ઉદ્વેગ ધારણ કરે.. મનમાં ગ્લાની થાય (ત્યારે) પણ, જે જે (પરિસ્થિતિ) હરિ.. શ્રીકૃષ્ણ કરાવે છે તથા તેની જ લીલા છે.. રમત છે એમ માનીને ચિંતાને ત્વરિત.. શીઘ્ર જ ત્યજવી.. ભગાડવી.

તાત્પર્ય : હવે શાની ચિંતા અને શાનો ઉદ્વેગ! જ્યાં હરિઇચ્છાથી જ બધું થતું હોય ત્યાં શોક રહી શકે ખરો? પણ આચાર્યની દૃષ્ટિથી જોઈએ તો, ભક્તને કદાચ પેલા પરિચિત જેવો વિચાર આવે કે, મને બાહ્ય હવેલી તો બતાવે છે પણ અંદર કેમ નથી લઈ જતા! આવી ભક્તને ઉતાવળ થાય તો ઉદ્વેગ થાય. તેથી મહાપ્રભુ કહે છે ત્યાં અધીરાઈ ન ચાલે. ભગવાનની લીલા જોયા કરવી, તે રમાડે તેમ રમવું! તેથી તેના મિલનની ચિંતા પણ ત્વરિત ત્યજવી.. ન જ કરવી જોઈએ!

ચિત્ત તું શીદને ચિંતા ધરે કૃષ્ણને કરવું હોય તે કરે! આ દયારામની અનુભૂતિ! નરસૈંયો કહે, ભૂતળ ભક્તિપદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે! ભક્ત કહે, માત્ર તને ભજતો રહું, તને જપતો રહું. તારે રાખવો હોય તો રાખ, ભેળવવો હોય તો ભેળવી લે! તારું જ શરણ, અહીં પણ ને ત્યાં પણ!

મહાત્મા.. મહાપુરુષો તો એ પરમપુરુષમાં ભળી ગયા! આપણું શું? આપણી આ સ્થિતિ ક્યારે થશે? સાધકોનો અહીં જીવ બળે છે; તેથી આચાર્યશ્રીએ, આપણા જેવા સાધકો માટે, એક અદ્ભુત યુક્તિ આપીને, એનું નિવારણ કર્યું છે.

એક સુંદર માર્ગ બતાવી દીધો; "ભક્તિપૂર્વક કર્મ કરતો રહે, સાથે નિવેદન કરતો જા અને માત્ર દૃષ્ટાભાવ ધર.. બધું જોયા કર! ભગવાનની લીલાનો અનુભવ કર!" આ જ પુષ્ટિમાર્ગ! હવે એક મહાન શરણરહસ્ય સમજાવે છે...

९ तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम।
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः॥

| तस्मात् | सर्वात्मना | नित्यम् | श्रीकृष्णः | शरणम् | मम |
|---|---|---|---|---|---|
| તેથી | સર્વાત્મભાવે | નિત્ય | શ્રીકૃષ્ણ | શરણે લે છે | મારું |

| वदद्भिः | एव | सततम् | स्थेयम् | इति | एव | मे | मतिः |
|---|---|---|---|---|---|---|---|
| વદતાં રહી | જ | સતત.. નિરંતર | સ્થિત રહેવું | એમ | જ | મારા | મતે |

तस्मात् नित्यम् सर्वात्मना, श्रीकृष्णः मम शरणम् (इति) सततम् एव वदद्भिः (सदास्मरेत्) स्थेयम्। इति एव मे (वल्लभः) मतिः॥

તેથી નિત્ય.. નિતાંત સર્વાત્મભાવે.. અખિલભાવે, "શ્રીકૃષ્ણ મારું (સર્વસ્વ) શરણે લે છે." (એવો સાતત્યભાવ) અવિરત વચનમાં રાખીને.. (સ્મરણમાં રાખીને) સ્થિત રહેવું. આમ નિશ્ચિતપણે મારો (વલ્લભાચાર્યનો) મત છે.

તાત્પર્ય : વિદ્વાનોએ તે કાળે કાશીમાં, અન્ય જ્ઞાનીઓ.. પંડિતો સમક્ષ પોતાનો મત રજુ કરવો પડતો હતો, સિદ્ધાંત સ્થાપવો પડતો હતો કે વેદમાન્ય છે કે નહીં! આચાર્યશ્રી તો જ્ઞાનીભક્ત હતાં! કળિયુગમાં પણ લાખોની સદ્ગતિ થાય તે હેતુથી, એક મહાન.. સર્વોત્તમ મત શ્રીવલ્લભાચાર્યે સ્થાપ્યો! તે છે "શ્રીકૃષ્ણઃ શરણં મમ."

આ પ્રસિદ્ધ મહાન સિદ્ધાંતે, ત્યાં સૌને મંત્રમુગ્ધ કર્યાં જ હશે; સર્વજનોએ સહર્ષ સ્વીકાર્યો હશે! કારણ કે આ મતમાં, કર્મઠોને.. કર્મયોગીઓને કર્મસમસ્યાનું તારણ મળે છે. સાધકોને.. ભક્તોને ભગવાનનું સામિપ્ય લાગે છે, નિત્ય શરણે રહેવાનો મંત્ર લાગે છે! અને સૌથી ઉપયોગી લાગે છે જિજ્ઞાસુઓને! તેમને લાગ્યું, જ્ઞાન પ્રાપ્તિનું સૌથી સરળ અને ઉત્તમ સાધન, આ સૂત્ર છે!

કેવી રીતે? એ સહેજે પ્રશ્ન થાય. દરેક માર્ગની દૃષ્ટિથી આપણે વિચાર કરીશું, પરંતુ એ પહેલાં શરણ શબ્દ સમજીએ. શરણનું રહસ્ય જ્યાં સુધી નહીં જાણીએ, ત્યાં સુધી આ મંત્રને કોઈ અર્થ નથી. શરણે જવું એ ઘણાં અર્થોમાં વપરાય છે. જેમ કે, નિરાધારનો આધાર.. આશ્રય. અસહાયને રક્ષણ.. પરિત્રાણ. અવલંબન માટે મદદ.. પાલન-પોષણ. પરાજિતનું શરણે થવું.. સ્વાર્પણ. આમાંથી એકેય ભાવ આ શ્રીકૃષ્ણ-શરણમાં નથી! આમાં દીન-હીન, હારેલા-થાકેલા કે યાચક-લાચારનું કામ નથી. શ્રીકૃષ્ણશરણ માટે કંઈક વિશેષ જોઈએ! દિવ્યભાવ જોઈએ.

શ્રીકૃષ્ણઃ શરણં મમ, આ મંત્રનું પહેલી દૃષ્ટિએ સીધું ભાષાંતર શું થાય? "શ્રીકૃષ્ણ મારે શરણે છે!" સાચે! કોઈને કહીએ કે કૃષ્ણ મારા શરણમાં છે! તો શું માને? કહેનારાને ગાંડો કે મૂર્ખ જ ગણે! આખા બ્રહ્માંડનો નાથ તારા શરણે છે? શું એ શક્ય છે? જ્ઞાની કહેશે, "એનાથી તમે છો કે તમારાથી એ છે!" જો તમે એમ કહો કે "અહં કૃષ્ણસ્ય શરણં.. હું કૃષ્ણને શરણે છું" કે "કૃષ્ણં શરણં ગચ્છામિ" તો તે ઠીક છે, તે સમજી શકાય પણ, ભગવાને તમારું શરણ લીધું છે એમ કહો છો? ભગવાનને ઓળખો છો ખરા?

સાચી વાત છે! તો આચાર્યશ્રી શું કહેવા માંગે છે? ચોક્કસ કોઈ રહસ્ય.. ગૂઢ અર્થ હોવો જોઈએ! તે માટે ભક્તિશાસ્ત્ર સમજવું પડે, અન્યથા રહસ્ય નહીં ઉકલે!

ભક્ત કે ભક્તિ આ भज् ધાતુનાં ભૂતકૃદંત શબ્દો છે. भज् सेवायाम् (૧.उ) જેનું નિત્ય સેવન થાય તે; પછી વ્યસન હોય કે વિષય હોય, ભાવ હોય કે સંબંધ હોય; જેના વિના ચાલે નહીં તે સેવન.. તે ભજન! તેથી સેવા એટલે સંબંધનું સેવન!

ભક્તિ એટલે જ સંબંધ! આપણે ભગવાનને કહીએ છીએ, તવાસ્મિ! તમારો છું! પણ કોણ છું? કયા સંબંધથી બંધાયો છું? પુત્ર છું, મિત્ર છું, શિષ્ય છું કે દાસ છું! ત્યાં પ્રેમભાવે પ્રિયા થઈ શકાય અને વાત્સલ્યભાવે માતા કે પિતા પણ થઈ શકાય! કોઈપણ સંબંધથી પ્રભુ સાથે જોડાઈ શકાય, પ્રભુને કોઈ આપત્તિ નથી! સંબંધથી જ સાચો શરણભાવ પ્રગટ થાય! આ શરણભાવમાં વિશેષતા શું છે? સંબંધ એકતરફી ન હોય તેથી શરણ પણ દ્વિપક્ષીય છે. જો તમે પુત્રભાવે એને શરણે તો એ પિતાભાવે તમારે શરણે! તમે યશોદાભાવે એને શરણે તો કૃષ્ણભાવે એ તમારે શરણે! એને કોઈ નાનમ નથી. તમે શિષ્ય તો એ ગુરુ! મિત્ર થાવ તો મિત્ર થાય, પ્રિયા થાવ તો એ પ્રિયતમ થાય! જો આપણે માંગણ.. યાચક.. ભિખારી થઈએ તો એ દાતા થશે પણ સંબંધ શું? કોઈ નહીં! તે જોઈતું આપશે, પત્યું! તેથી સંબંધ બંધાય તો પ્રભુ બંધાય! અન્યથા એને કોણ બાંધી શકે?

આ આચાર્યશ્રીનો પ્રથમ હેતુ છે. "શ્રીકૃષ્ણઃ શરણં મમ.. શ્રીકૃષ્ણ મારે શરણે છે!" અહીં શરણ એટલે સંબંધભાવ! "શ્રીકૃષ્ણ મારા સંબંધમાં છે!" આ અર્થ છે. ભગવાન કયા સંબંધી છે? એ ભક્તનો ગુપ્ત ભાવ છે અને આંતરિક વ્યવહાર છે. તે સંબંધ જ માનસપૂજાનો આધાર છે! એ સંબંધનું જેટલું રટણ તેટલું બંધનનું કર્તવ્યપાલન! જેટલો પ્રબળ સંબંધ, તેટલી વિશેષ આસક્તિ અને જેટલી પ્રબળ આસક્તિ તેટલું ત્વરિત સામિપ્ય! આ છે શરણરહસ્ય!

આ ભક્તિયોગનો દૃષ્ટિકોણ છે, ભક્તોને તેમાં જ આનંદ! હવે બીજો અર્થ, કર્મયોગીની દૃષ્ટિથી વિચારીએ. એમને ફળબંધનની ચિંતા છે! તમે કર્મ કરો કે કર્તા થયા! અને કર્તાને ફળ તો ચીટકશે જ! એનું નિરાકરણ શું? આચાર્યશ્રીએ યુક્તિ કરી આપી! શ્રીકૃષ્ણઃ શરણં મમ। તેમાં કર્મ શું? તો શરણં.. શરણે લે છે; શું શરણે લે છે? તો ઉત્તર છે, મમ.. મારું (સર્વ!) કોણ લે છે? કર્તા કોણ છે? ઉત્તર છે, શ્રીકૃષ્ણ. અહીં 'હું' કર્તા જ નથી, તો ફળ મળશે ક્યાંથી? કર્મબંધન જ સમાપ્ત! હવે જો શ્રીકૃષ્ણ કર્તા છે તો, તમારો 'હું' શું કરે છે? કંઈક તો કરે ને? ત્યાં 'હું' દૃષ્ટા માત્ર છે! પહેલાં હું કર્તા હતો અને ભગવાન દૃષ્ટા હતા, હવે આ મંત્રથી, ભગવાન કર્તા છે અને હું દૃષ્ટા છું! लेता देता हरि है! कर्ता हर्ता भर्ता धर्ता! सर्वसमर्थ स्वामी है! માત્ર સંબંધપાલનથી, હું આ ગતિવિધિઓને જોયા કરું છું. આ તન મન બુદ્ધિધન તું ચલાવે છે, હું નહીં! યુક્તિયુક્ત કર્મનિવૃત્તિ તે આ!

જ્ઞાનમાર્ગીઓને તો સરળતમ ઉત્તમ ઉપાય મળ્યો! 'અહં બ્રહ્મ અસ્મિ' આ અનુભૂતિ જ જિજ્ઞાસુઓનું જીવન લક્ષ્ય છે! જ્ઞાનમાર્ગે તેને માટે અતિકઠણ.. વિકટ તપશ્ચર્યા કરવી પડે, તે હવે પ્રભુશરણથી સિદ્ધ થાય છે. આચાર્યશ્રીએ માર્ગ સરળ કર્યો! સાધકે શરણભાવે માત્ર દૃષ્ટા થવાનું છે, અવલોકન જ કરવાનું છે કે તેનું સર્વસ્વ ભગવાન શરણે લઈ રહ્યાં છે. 'શરણં મમ'નું તાત્પર્ય એ છે કે ભગવાન સર્વસ્વ હરિ લે, અંતે અહંકાર પણ ખેંચી લે. દેહથી બધાં કપડાં હરાઈ જાય તો દેહનું શું થાય? તેવું જીવનું થાય! હરિ બધુંય હરિ લે તો અંતે શું રહે? એક માત્ર શુદ્ધ 'બ્રહ્મ'તત્ત્વ! જે આપણું વાસ્તવિક સ્વરૂપ છે. પ્રભુ જ ભક્તને બ્રહ્મરૂપ કરી દે! માત્ર દૃષ્ટાભાવે શરણપૂર્વક રહેવાનું છે. હવે જીવનની પ્રત્યેક ઘટના હરિ જ સંભાળે છે, જે મળે–જાય કે જે થાય તે સૌ, પ્રભુની જ લીલા છે. પ્રામાણિકતાથી માત્ર સંબંધ નિભાવવાનો છે! ચોક્કસ તે સમયગાળામાં પ્રારબ્ધ ભોગવવાનું છે, પ્રભુની પરીક્ષાઓમાંથી પાસ પણ થવાનું છે, તેથી સાધકે અવશ્ય દક્ષ રહેવાનું છે.

હવે, શ્રીકૃષ્ણઃ શરણં મમ બોલો કે હરે કૃષ્ણ બોલો, બન્ને સમાન છે. કારણ, શરણં મમ = હરે. હરિ સર્વ હરે છે તેથી હરે શબ્દ આવ્યો. અહીં શરણભાવનું પૂર્ણ ધ્યાન રાખવાનું છે. આચાર્યશ્રીએ સિદ્ધાંત સમજાવવા "શરણં મમ" શબ્દો લીધાં છે, તેમાં ભગવાનનું નામ નથી તેથી, તેના સ્થાને હરિ બોલી શકાય, જે ભગવાનનું એક નામ પણ છે; પણ અહીં શરણ સિદ્ધાંત સ્મરણમાં રાખવાનો છે.

હરે કૃષ્ણ!